ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૦/૨૦-૨૧/ ૩૧૩૭ તારીખ : 11 NOV 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ગ્રામ વિધાલય લોકશાળા ધજાળા,**
**મું. ધજાળા,**
**તા.સાયલા,**
**જી. સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૪૨૭૬ ૬૫૮૪૦**

કેસ નં.૨૦/૨૦-૨૧

**વિષય : વોટર વર્કસ(ખેતી.) વિજ કનેકશનમાં પાવર તથા બિલીંગ પ્રશ્ન બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૦૭/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૦૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૦-૨૧/૨૬૧૦ તા.૨૯/૦૭/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૦-૨૧/૩૩૪૭ તા.૨૫/૦૯/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૦-૨૧/૩૬૮૮ તા.૨૨/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧)શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા,**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૦/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી ગ્રામ વિધાલય લોકશાળા ધજાળા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૭/૧૦/૨૦૨૦ તથા તા.૦૩/૧૧/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી રાઠોડ વેલશીભાઈ રણછોડભાઈ – (વાદી ના ગૃહપતિ)**

પ્રતિવાદી :– **શ્રી એમ.આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી - લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગ્રામ વિધાલય લોકશાળા ધજાળા, મું.ધજાળા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરની વોટર વર્કસ(ખેતી.)વિજ કનેકશનમાં પાવર તથા બિલીંગ પ્રશ્ન અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૦/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૦–૨૧/૨૬૧૦ તા.૨૯/૦૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૭/૧૦/૨૦૨૦ તથા તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૭/૧૦/૨૦૨૦** ના રોજ વાદી શ્રી ગેરહાજર રહેલ અને પ્રતિવાદી તરફે**શ્રી એમ.આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી – લીંબડી,** ઉપસ્થિત રહેલ તેમજ **તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ વાદી શ્રી ગ્રામ વિધાલય લોકશાળા ધજાળા વતી તેમના ગૃહપતિ શ્રી રાઠોડ વેલશીભાઈ રણછોડભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે કોઈ ઉપસ્થિત રહેલ નહી.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે આપ સાહેબને જણાવવાનું કે, અમારા ગ્રામ વિધાલય લોકશાળા સંચાલિત ગ્રાહક નં–૭૩૫૭૬/૦૦૦૦૨/૦ લોકશાળા, ધજાળા WWPR ના ગામનું વિજ કનેકશન ધરાવીએ છીએ. જેના દરેક લાઈટ બિલ નિયમીત ભરતા હતા, આમ છતાં, જીઈબી ની ટેકનીકલ ભૂલના કારણે વિજ બિલ ના દંડ ની રકમ વધતી જાય છે.

૧.૨ વોટરવર્કસ નું વિજ કનેકશન શરૂઆત થી જ ખેતી વિષયક જોડાણ છે. જે જોડાણ ૨૪ કલાક માં નંથી.

૧.૩ તા.૧૩/૩/૨૦૧૫ ના રોજ જીઈબી સાયલામાંથી કર્મચારી આવી જાતે વિજ કનેકશન કાપી ગયેલ હતા.

૧.૪ લેબોરેટરી માં મીટર ચેક કરવા માટેની નોટીસ મુજબ અમો તા.૨૮/૮/૨૦૧૫ ની બીજી મુદતમાં સુરેન્દ્રનગર લેબમાં હાજર રહેલ હતા.

૧.૫ જયારથી વિજ કનેકશન કાપી ગયેલ છે, ત્યારથી શાળાના આશરે ૬૦૦ વિધાર્થી કર્મચારીને ઓઈલ એન્જીન દ્વારા પાણી પૂરૂં પાડવામાં આવે છે.

૧.૬ છેલ્લે ફેબ્રુ–૨૦૧૫ લાઈટબિલ ભર્યા પછી, જુલાઈ–૨૦૧૫ નું લાઈટબિલ રૂા.૨,૪૯,૫૩૭/– જેવી મોટી રકમનું બિલ આપેલ હતું.

૧.૭ જીઈબી દ્વારા સમયાંતરે નોટીસ આપીને રકમ ભરપાઈ કરવા માટે દબાણ કરે છે.

૧.૮ ખરેખર જીઈબી ની ટેકનીકલ ભૂલના કારણે દંડ ની ખૂબજ મોટી રકમ આવેલ છે.

૧.૯ જીઈબી ની ટેકનીકલ ભૂલને સુધારી જો ન્યાયિક ધોરણે રકમ જણાવવામાં આવે તે રકમ ભરવા અમો જણાવીએ છીએ.

૧.૧૦ તા.૧૬/૧૦/૨૦૧૯ ના રોજ જીઈબી સાયલા કચેરીમાંથી કર્મચારી જાતે રૂબરૂ આવી ફરીથી કનેકશન કાપી મીટર લઈ ગયેલ છે. તો, ફરીથી પુનઃ કનેકશન ચાલુ કરી આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, સાયલા ના જણાવ્યા મુજબ સદર વાદીશ્રી ની લોકશાળા સંચાલીત WW નામનું અને ગ્રાહક નં–૭૩૫૭૬/૦૦૦૦૨/૦ થી WWPR ટેરીફ નું વિજ જોડાણ ધજાળા ગામ ખાતે ધરાવે છે.

૨.૨ સદર વિજ જોડાણમાં છેલ્લે તા.૨૮/૨/૨૦૧૫ ના રોજ રકમ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ તેઓ દ્વારા એકપણ વખત રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી.

૨.૩ સદર વિજ જોડાણમાં ડિસ્પલે બંધ હોવાના કારણે, જાન્યુ–૧૪ થી જુલાઈ–૧૬ ના સમયગાળા દરમ્યાન સરેરાશ પ્રમાણે વિજ વપરાશના બિલ ( F Status ) આપેલ હતા.

૨.૪ તા.૨૫/૧૦/૨૦૧૬ ના રોજ તેઓનું મીટર બદલાવેલ હતું.એકપણ બિલ સરેરાશ પ્રમાણે વિજ વપરાશના બિલ ( F Status ) આપેલ નથી.

૨.૫ ગ્રાહકના જુના મીટરને સુરેન્દ્રનગર ખાતેની લેબમાં ચકાસતાં, લેબ રજીસ્ટર નં–૯૦૫ તા.૨૮/૮/૨૦૧૫ મુજબ સદર મીટરની ડિસ્પ્લે બંધ છે અને તેની આંતરીક સર્કીટ બળેલી હતી. જેના આધારે, સદર ગ્રાહકને જે જાન્યુ–૧૪ થી જુલાઈ–૧૬ દરમ્યાન સરેરાશ ( F Status ) વિજ વપરાશ ના આપેલ બિલ માન્ય ગણી શકાય અને ગ્રાહકે ભરપાઈ કરવા પડે.

૨.૬ વારંવારની નોટીસો તથા સૂચના છતાં, ગ્રાહક દ્વારા બિલ ની રકમ ભરપાઈ ન કરવાના કારણે, સાયલા પેટા વિભાગ દ્વારા તા.૧૬/૧૦/૨૦૧૯ ના રોજ સ્થળ પરથી મીટર અને સર્વિસ ઉતારીને ડિસ કનેકટ કરવામાં આવેલ હતું.

Redressal Forum P.G.V.C.L. ...nagar.

૨.૭ સ્થળ પર ઉતારેલ મીટરને લીબડી ખાતેની મીટર પરીક્ષણ લેબમાં ચકાસતાં, તેના લેબ ચકાસણી અહેવ નં-૫૪૯ તા.૮/૧૧/૨૦૧૯ મુજબ, '' મીટર ડિસ્પ્લે કોઈપણ પ્રકારના રીડીગ દર્શાવતી નથી. સદર મીટર નું ટોપ કવર ખોલીને જોતાં, મીટરની આંતરીક સર્કીટ બળી ગયેલ છે.'' તેવું પરીક્ષણ ના અહેવાલમાં લખેલ છે.

૨.૮ આમ, ઉપરના લેબ રીપોર્ટ મુજબ ગ્રાહકને ઓકટોબર-૧૬ થી ઓકટોબર-૧૯ સુધીના વિજ વપરાશના બિલ પણ સરેરાશ ( F Status ) આપવાના થાય છે. પરંતુ, ગ્રાહકને તે પ્રમાણે આપેલ નથી.

૨.૯ આમ, ગ્રાહકના બન્ને મીટર ની ડિસ્પ્લે બંધ હોવાથી, અને આંતરીક સર્કીટ બળેલ હોવાનું માલૂમ પડેલ છે.

૨.૧૦ વધુમાં, ગ્રાહકનું મીટર સ્થળ પરથી ઉતારીને ડિસ કનેકટ કરેલ છે. ગ્રાહકે ૨૦૧૫ પછી એકપણ વખત રકમ ભરપાઈ કરેલ નથી. જેથી, પીડીસી કરવાને લાયક છે. પરંતુ, લગભગ ૬૦૦ જેટલા વિધાર્થીના પીવાના/વાપરવાના પાણીનો પ્રશ્ન હોય, તથા ગ્રાહક સાથે સુમેળભર્યા સંબંધો જાળવી રાખવા કનેકશન પીડીસી કરેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ગામ–ધજાળા, તા.સાયલા માં ગ્રામ વિદ્યાલય લોકશાળા ધજાળા ના નામનું ૫ HP નું પ્રા. વોટર વર્કસ ટેરીફ હેઠળ વિજ જોડાણ ગ્રાહક નં–૭૩૫૭૬/૦૦૦૦૨/૦ થી ધરાવે છે.

૩.૨ વાદી અરજદારે કરેલ રજૂઆત પ્રમાણે તેઓનું જોડાણ પ્રતિવાદી દ્વારા કાપી નાંખેલ છે. તેમજ વાદીને જાન્યુ–૧૪ થી જુલાઈ–૧૬ ના સમયગાળા દરમ્યાન મોટી રકમના એવરેજ બિલ આપેલ છે. જેને કારણે, કુલ વિજ બિલ ની રકમ રૂા.૪,૩૭,૩૪૪/– ભરવા માટેની નોટીસ આપેલ.

૩.૩ પ્રતિવાદી એ વાદીના બિલીગ નો PRT-145 લેઝર કોપી રજૂ કરેલ છે. લેઝર કોપી જોતાં જણાય છે કે, પ્રતિવાદી એ જાન્યુ–૧૪ થી ડિસે–૧૪ સુધી વાદીને મીટરના '' F Status '' બતાવી ૨૫૦ યુનિટ ની એવરેજ બીલ તેમજ જાન્યુ–૧૫ થી ફેબ્રુ–૧૫ સુધી ૫૦૦૦ યુનિટ ની એવરેજ બીલ તેમજ ફેબ્રુ–માર્ચ–૧૫ બિલ્ડ ઈન એપ્રિલ–૧૫ થી ઓગષ્ટ–સપ્ટે–૧૫ બિલ્ડ ઈન ઓકટો–૧૫ સુધી ૧૦૦૦ એવરેજ યુનિટ નું દ્વીમાસિક બિલ તેમજ ઓકટો–નવે–૧૫ બિલ્ડ ઈન ડિસે–૧૫ થી ઓગષ્ટ–સપ્ટે–૧૬ બિલ્ડ ઈન ઓકટો–૧૬ સુધી દ્વીમાસિક ૨૦૦૦ યુનિટ ની એવરેજ ના બિલો આપેલ છે.

૩.૪ પ્રતિવાદી એ વાદીનું મીટર તા.૨૫/૧૦/૨૦૧૬ ના રોજ બદલાવેલ. વાદીના મીટરનું તા.૮/૧૧/૨૦૧૯ ના રોજ લેબ પરીક્ષણ કરતાં, મીટરનો ડિસ્પ્લે બંધ હતો તેમજ મીટરની આંતરીક સર્કીટ બળી ગયેલ જોવા મળેલ. આમ, વાદીનું મીટર બળી ગયેલ હોવાથી, બંધ હતું.

૩.૫ GERC નોટીફીકેશન નં–4/2015 ના સેકશન 6.58 મુજબ જયારે મીટર બંધ માલૂમ પડે તો, પ્રતિવાદી દ્વીમાસિક બિલીગ ના કેસમાં છેલ્લા ૩ બિલીગમાં નોંધાયેલ વિજ વપરાશની એવરેજ મુજબ છ માસ નું બિલીગ કરી શકે, જયારે આ કેસમાં પ્રતિવાદી એ વાદીને જાન્યુ–૧૪ થી જુલાઈ–૧૬ ના ગાળા દરમ્યાન પારા નં–૩.૩ માં દર્શાવ્યા મુજબ, જુદીજુદી એવરેજ ના બિલ પ્રતિવાદી ને આપેલ છે. જે સપ્લાય કોડ ના નિયમ વિરૂઘ્ધ છે.

૩.૬ પ્રતિવાદી એ રજૂ કરેલ વાદીના બિલીગ ની લેઝર કોપી મુજબ મે–૧૩ બિલ્ડ ઈન જુન–૧૩ ૧૦૦ યુનિટ, જુન–૧૩ બિલ્ડ ઈન જુલાઈ–૧૩ ૨૦૦ યુનિટ, જુલાઈ–૧૩ બિલ્ડ ઈન ઓગષ્ટ–૧૩ ૩૦૦ યુનિટ, ઓગષ્ટ–૧૩ બિલ્ડ ઈન સપ્ટે.–૧૩ ૪૦૦ યુનિટ, સપ્ટે–૧૩ બિલ્ડ ઈન ઓકટો–૧૩ ૩૦૦ યુનિટ, ઓકટો–૧૩ બિલ્ડ ઈન નવે–૧૩ ૨૦૦ યુનિટ, ની વિજ વપરાશ વાદીના વિજ મીટરમાં નોંધાયેલ છે. આથી, આ વપરાશ ની એવરેજ ૨૫૦ યુનિટ પ્રતિમાસ ની થાય. તે મુજબ પ્રતિવાદી વાદીને ૬ માસનું એવરેજ બિલ આપી શકે.

...nce Redressal Forum P.G.V.C.L. ...nagar.

**—:: હુકમ ::—**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના', તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, '' પ્રતિવાદી એ વાદી ને આપેલ જાન્યુ–૧૪ થી જુલાઈ–૧૬ સમયગાળા દરમ્યાન ના તમામ એવરેજ બિલ રદ કરવા અને 250 યુનિટ × 6 = 1500 યુનિટ નું એવરેજ બિલ આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે. બિલ ભર્યેથી વાદીનું વિજ જોડાણ કંપની ના નિયમોનુસાર પુનઃ ચાલુ કરી આપવું.''

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે એમ. મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એમ. બજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર. વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૩/૧૧/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.